PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૪/કવા–૦૪/૧૭–૧૮/ 7529-4 તા. 21-3-18

રજી. એ.ડી. પત્ર

**પ્રતિ,**
**કલરબી ઈનજેકટસ ઈન્કસ,**
**રફાળેશ્વર જી.આઈ.ડી.સી. પ્લોટ નં.૬૩ ,**
**૮–અ નેશનલ હાઈવે**
**મોરબી–૨**
**મો: ૯૮૨૫૬ ૨૦૦૦૨**

**વિષય :–ઈલેકટ્રીસીટી ડયુટી ના તફાવત ની રકમ રીફંડ મેળવવા માટે**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૫–૦૨–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૪/કવા–૦૪/૧૭–૧૮)**

**શ્રીમાન,**

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

**આપનો વિશ્વાસુ**

**(સી.જે.ગજેરા)**
**કા.વા. કન્વીનર**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.**

**બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)**

**નકલ રવાના :**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી**
**(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી, લાલપર**

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૩૪/ક્વા–૦૪/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૩–૦૩–૧૮ | સ્થળ : શહેર રાજકોટ |

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: કલરબી ઈનજેક્ટસ ઈન્કસ, ગામ: લાલપર**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે વી.વી.પટેલ હાજર રહેલ હતા.**

## વિરુધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી, લાલપર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી)**

**રજુઆત કરનાર :એન.ડી.પનારા – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, મોરબી**

---

## : હુકમ :

**ફરીયાદ : ઈલેક્ટ્રીસીટી ડયુટી ના તફાવત ની રકમ રીફંડ મેળવવા માટે**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેમના ગામ: રફાળેશ્વર ખાતે આવેલ એલ.ટી. વીજજોડાણ નંબર:૮૭૫૧૮ / ૦૧૨૪૧ / ૩ –જે, ૧૦૦ કેવી નુ ઓર્દ્યોગીક પ્રકારનુ જોડાણ છે. તેઓનુ જોડાણ કારખાના ના નિયમ મુજબ ચાલુ છે. જોડાણ નુ બીલ ચેક કરતા – તેઓના જોડાણ મા ઈલેક્ટ્રીસીટી ડયુટી ૨૫% વસુલ કરવામા આવે છે, જે ખરેખર ૧૦% ઈલેક્ટ્રીસીટી ડયુટી વસુલ થવી જોઈએ – જોડાણ ચાલુ થયા થી આજદિન સુધી વધુ વસુલ થયેલ ઈલેક્ટ્રીસીટી ડયુટી ની રકમ રીફંડ મેળવવા માટે – તેમજ હવે પછી ના બીલ મા ૧૦% ઈલેક્ટ્રીસીટી ડયુટી કરી આપવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે – લાલપર પેટા વિભાગીય કચેરી હેઠળ શ્રી કગથરા પંકજભાઈ પોપટભાઈ ના નામે ગામ: રફાળેશ્વર ખાતે – આવેલ એલ.ટી. વીજજોડાણ નંબર:૮૭૫૧૮ / ૦૧૨૪૧ / ૩ થી હૈયાત વીજભાર ૪૫ કીવો મા ૫૫ કીવો વીજભાર વધારો કરાતા કુલ , ૧૦૦ કેવી નુ એલ.ટી.એમ.ડી ટેરીફ હેઠળ વીજ જોડાણ ધરાવે છે. સદર વીજ જોડાણ જીઆઈડીસી ના ઓફિસ ઓર્ડર – તા.૨૨–૦૨–૧૨ મુજબ – પ્લોટ નં.૬૩ – શ્રી કગથરા પંકજભાઈ પોપટભાઈ ના નામે તા.૨૧–૦૨–૧૨ થી ટ્રાન્સફર કરવામા આવેલ. જે અન્વયે – અરજદાર શ્રી દ્વારા તા.૨૨–૦૫–૧૨ થી વીજબીલ મા નામ બદલી કરવામા આવેલ. |
| ૨.૨ | અરજદાર ના વીજબીલ મા – ઈલેક્ટ્રીસીટી ડયુટી ૨૫% માથી ૧૦% ની રીફંડ મેળવવા માટે – ફેરફાર કરી ન શકાય. કારણકે – અરજદાર નુ વીજ જોડાણ શ્રી કગથરા પંકજભાઈ પોપટભાઈ ના નામનુ છે, અને અરજદાર દ્વારા ભરપાઈ કરાયેલ નોંધણી એ–૧ ફોર્મ મા – ધંધા અંગે કોઈપણ જાતનો ઉલ્લેખ કરવામા આવેલ નથી, તેમજ ભાડા કરાર રજીસ્ટર કરાયેલ નથી. વધુમા ભાડા કરાર અંગે – પીજીવીસીએલ ની પેટા વિભાગીય કચેરી મા તા.૨૦–૧૧–૧૭ ના રોજ રજુ કરેલ ત્યા સુધી પીજીવીસીએલ ને કોઈ માહિતી અપાયેલ નથી. આમ, સદર બાબત – અરજદાર દ્વારા નામ બદલી તેમજ એ–૧ ફોર્મ ભરી – પીજીવીસીએલ મા નામ બદલી કરાયેલ ન હોય – જેથી ઈલેક્ટ્રીસીટી ડયુટી મા કોઈ ફેરફાર કરી શકાય નહી. |
| ૨.૩ | કલરબી ઈનજેક્ટસ ઈન્કસ – ભાગીદારી પેઢી છે, જેનુ રજીસ્ટ્રેશન ફોર્મ રજુ કરાયેલ નથી. ફક્ત ભાડા કરાર કલરબી ઈનજેક્ટસ ઈન્કસ ના નામનો કરાયેલ છે. જેથી, અરજદારે વીજકર મા કોઈ ફેરફાર કરાવવો હોય તો વિદ્યુતશુલ્ક સમાહર્તા ની કચેરી ગાંધીનગર માથી મંજુરી મેળવવા ની કાર્યવાહી કરવાની રહે છે. જેથી પીજીવીસીએલ સક્ષમ અધિકારી ની મંજુરી વગર – વીજકર બાબતે – વીજ ગ્રાહક ને રીફંડ આપવાની સતા – પીજીવીસીએલ ને આપવામા આવેલ નથી. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

**૩** ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.

**૩.૧**

- અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે – તેમજ મૌખીક રજુઆત મુજબ – તેઓના વીજબીલ મા ઈલેકટ્રીસીટી ડયુટી ૨૫% વસુલ કરેલ છે – જે ખરેખર ઈલેકટ્રીસીટી ડયુટી ૧૦% ભરપાઈ કરવાની થતી હોય – જેથી – વસુલેલ વધારાના વીજકર ની રકમ – વીજ જોડાણ ચાલુ કર્યા તા.૨૯–૦૧–૨૦૦૮ થી જમા આપવા બાબતે – તેમજ હવે પછી ના વીજબીલ મા – ઈલેકટ્રીસીટી ડયુટી ૧૦% મુજબ – સુધારો કરવા વિનંતી કરેલ.
- પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે – અરજદાર દ્વારા એ–૧ ફોર્મ મા – ઉર્દ્યોગ ના હેતુ અંગે કોઈપણ જાતનો ઉલ્લેખ કરવામા આવેલ નથી,તેમજ તેને સંલગ્ન જરૂરી દસ્તાવેજીક પેપર્સ રજુ કરવામા આવેલ ન હોય – જેથી પીજીવીસીએલ દ્વારા ઈલેકટ્રીસીટી ડયુટી વસુલવામા આવેલ નિયમાધીન જણાયેલ છે.
- અરજદાર વીજકર મા કોઈ ફેરફાર કરાવવા માંગતા હોય તો ઉપરોકત મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતે ની જરૂરી નિયમાધીન કાર્યવાહી અરજદારે કરેલ નથી.
- આમ, વિદ્યુતશુલ્ક સમાહર્તા ની કચેરી ગાંધીનગર ના સક્ષમ અધિકારી ની મંજુરી વગર – વીજકર બાબતે – વીજ ગ્રાહક ને રીફંડ આપવાની સતા – પીજીવીસીએલ ને આપવામા આવેલ નથી. જેથી – સદર કેઈસ મા – અરજદાર ની રજુઆત ગ્રાહય રાખી શકાય નહી.

**મુદદા નં.–૪ :** **હુકમ**

**૪.૧** સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – વીજબીલ મા વીજકર ની રકમ રીફંડ મેળવવા માટે તેમજ સુધારો કરવાની અરજી – અરજદાર દ્વારા નિયમાધીન કાર્યવાહી કરાયેલ ન હોય – દફતરે કરવામા આવે છે. જે અંગે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે.

(signature)
**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

(signature)
**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.

COLORBI INJECTS INK